| | |
|---|---|
| રજુ તારીખ | ૨૨/૦૭/૨૦૧૭ |
| દાખલ થયા તા. | ૨૨/૦૭/૨૦૧૭ |
| ફેંસલ કર્યા તા. | ૨૩/૦૩/૨૦૨૬ |
| સમય મર્યાદા | વર્ષ–માસ–દિવસ |
| | ૦૮–૦૮–૦૧ |

**મહુધાના મહે. પ્રીન્સીપાલ સીવીલ જજશ્રીનીકોર્ટમાં, મહુધા**

**રે.દિ.મુ.નં.૬૩/૨૦૨૨**

**(જુના સમરી સ્યુટ નં.:૩/૨૦૧૭)**

**આંક:–**

**વાદી** : અશોકભાઈ બચુભાઈ વાઘેલા,
ઉ.વ.પુખ્ત, ધંધો–ડ્રાઈવીંગ તથા ખેતી,
રહે. મુ.મહુધા, હે.કોર્ટ સામે, ડાકોર રોડ,
તા.મહુધા, જી.ખેડા

**વિરુધ્ધ**

**પ્રતિવાદી** : શૈલેષભાઈ માણેકભાઈ તળપદા
ઉ.વ.પુખ્ત, ધંધો: જમીન લે–વેચ
રહે. મુ.નડીયાદ, હે.સતંરામ વે બ્રીજની પાછળ,
જી.આઈ.ડી.સી.ના નાકા ઉપર, મફતલાલ મીલના ઝાંપો,
કમળા રોડ, તા.નડીયાદ, જી.ખેડાઈ

**<u>દાવો :– રૂા.૭૫,૦૦૦/– ની વસુલાત માટેનો દાવો</u>**

---

વાદી તરફે :– વિ.વ.શ્રી ડી.બી.ભટ્ટ

પ્રતિવાદી તરફે:– વિ.વ.શ્રી એન.જે.પંડ્યા

---

**–:: ઠ રા વ ::–**

**(૧) દાવા અરજીની ટુંકમાં હકીકત :–**

વાદી મોજે ગામ મહુધા રહી ડ્રાઈવીંગ તથા ખેતી કરી પોતાનુ ગુજરાન ચલાવે છે અને આ કામના પ્રતિવાદી નડીયાદ મુકામે રહે છે અને વાદી નડીયાદ સને ૧૯૯૪ માં આઇશર ઉપર નોકરી કરતા હતા અને તે સમયે આ કામન પ્રતિવાદી સાથે તેઓને મીત્રતા થયેલી, વળી આ કામના પ્રતિવાદી વાદીના વેવાઇના વેવાઈ થતા હોય તે રીતે પણ વાદીને પ્રતિવાદી સાથે સંબંધ છે.

વાદી સાથેની મીત્રતા અને સંબંધના કારણે પ્રતિવાદીને તેમની દીકરીઓનુ આણું કરવાનુ હોય પ્રતિવાદીને રૂપીયાની જરૂર હોય પ્રતિવાદી વાદીના ઘરે મહુધા મુકામે તા.૭/૫/૧૫ ના રોજ આવેલા અને વાદી પાસે રૂપીયા ૫,૦૦,૦૦૦/– પુરા હાથ ઉછીનાની માંગણી કરેલી. પરંતુ ફરીયાદીને આઈશર લાવવાની હોવાથી તેઓએ ધીમે ધીમે કરીને રૂપીયા ૪,૫૦,૦૦૦/– પુરા ઘર ભેગા કરી રાખેલા તે પ્રતિવાદીને હાથઉછીના આપેલા અને પ્રતિવાદી સદર રકમ ડીસેમ્બર ૨૦૧૫ ના રોજ પરત આપવાનો વાયદો કરેલો. પરંતુ પ્રતિવાદીએ ડીસેમ્બર ૨૦૧૫ માં સદર રકમ પરત ન આપતા વાદીએ આ કામના પ્રતિવાદી પાસે ઉઘરાણી કરતા પ્રતિવાદી વાદીના ઘરે તા.૧/૧/૨૦૧૬ ના રોજ આવેલા તે સમયે વાદીના મીત્ર રજનીકાંત હીરાભાઈ પરમાર તથા સુનીલભાઈ ભાવાભાઈ વાઘેલા આવેલા હતા તેઓની હાજરીમાં આ કામના પ્રતિવાદીએ વાદીને જણાવેલ કે '' હાલ મારી પાસે તમારી હાથઉછીની આપેલી રકમ રૂા.૪,૫૦,૦૦૦/– પરત આપી શકાય તેવી સ્થીતી નથી. જેથી હું તમોને ચાર

ચેક આપું છુ જે મુજબ તમોને સદર ચેક બેંકમાં રજુ કરતા તમારી હાથઉછીની રકમ મળી જશે.'' તમે જણાવી પ્રતિવાદી વાદીને ભારતીય સ્ટેટ બેંક સંતરામ મંદીર, નડીયાદ શાખાનો ચેક નં.જપજ૬૫૦ નો પ્રતિવાદીએ પોતાની સહી કરી વાદીને આપેલો જેમાં પ્રતિવાદીના કહેવાથી વાદીના મીત્ર રજનીકાન્ત હીરાભાઇ પરમારે બાકીની વિગતમાં રકમ રૂા.૨,૦૦,૦૦૦/– તા.૨૨/૧/૨૦૧૬ તથા વાદીનું નામ લખેલુ. અને બીજો ચેક નં. જપજ૬પર નો તા.૨૩/૨/૨૦૧૬ નો પ્રતિવાદીએ પોતાની સહી કરીને વાદીને આપેલો જેમાં પ્રતિવાદીના કહેવાથી સુનીલભાઇ ભાવાભાઇ વાઘેલાએ બાકીની વિગતમાં રકમ રૂા.૧,૦૦,૦૦૦/– તા.૨૩/૨/૨૦૧૬ તથા વાદીના નામ લખેલુ અને ત્રીજો ચેક નં. જપજ૬૫૩ નો તા.૧૪/૩/૨૦૧૬ નો પ્રતિવાદીએ પોતાની સહી કરીને વાદીને આપેલો જેમાં પ્રતિવાદીના કહેવાથી સુનીલભાઇ ભાવાભાઇ વાઘેલાએ બાકીની વિગતમાં રકમ રૂા.૭૫,૦૦૦/– તા.૧૪/૩/૨૦૧૬ તથા વાદીનુ નામ લખેલુ તથા ચોથો ચેક નં. જપજ૬પજ નો તા.૧૧/૪/૨૦૧૬ નો પ્રતિવાદીએ પોતાની સહી કરીને વાદીને આપેલો જેમાં પ્રતિવાદીના કહેવાથી સુનીલભાઇ ભાવાભાઇ વાઘેલાએ બાકીકીન રકમ રૂા.૭૫,૦૦૦/– તા.૧૧/૪/૨૦૧૬ તથા વાદીનુ નામ લખેલુ. આમ આ કામના પ્રતિવાદીએ કુલ્લે વાદીને ચાર ચેક આપેલા. જેની કુલ્લે રકમ રૂા.૪,૫૦,૦૦૦/– ની થતી હતી. સદર ચેક આપતી વખતે પ્રતિવાદીએ જણાવેલ કે ''જેથી પ્રતિવાદીના કથન ઉપર વિશ્વાસ રાખેલ. વાદીએ આ કામના પ્રતિવાદી સાથે ત્રણ ચેકો બાબતેની ક્રિમીનલ ફરીયાદ દાખલ કરેલ છે. જે નામ. કોર્ટને જાહેર કરે છે. વાદીએ તા.૧૧/૪/૨૦૧૬ વાળો ચેક નં. જપજ૬પજ નો ભારતીય સ્ટેટ બેંક મહુધા શાખામાં તા.૮/૬/૨૦૧૬ ના રોજ રજુ કરતા ભારતીય સ્ટેટ બેંક મહુધા શાખાના રીર્ટન મેમો ''ફંડ ઇનશફીશીયન્ટ'' ના શેરા સાથે તા.૧૬/૩/૨૦૧૬ ના રોજ પરત આવેલો. આમ વાદીએ આ કામના પ્રતિવાદીને હાથઉછીની આપેલ રકમ રૂા.૪,૫૦,૦૦૦/– પૈકીના સદર ચેકની રકમ રૂા.૭૫,૦૦૦/– પુરા મળેલ નહી. ત્યાર બાદ વાદીએ આ કામના પ્રતિવાદીને નીયત સમય બાદ સદર લેણી રકમ બાબતે વાતચીત કરેલ તો

પ્રતિવાદીએ હાલ નાણાંની વ્યવસ્થા નથી બે–ત્રણ દીવસમાં રકમ ચુકવી આપીશુ તેવી બાંહેધરી આપેલ તેમ છતાં સદર માંગતી રકમ ચુકવી આપેલ નથી. જેથી સદરહુ તેમની લેણી રકમની વસુલાત માટેનો નામ. કોર્ટની હકુમતમાં સદરહુ દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. તેમજ દાવાનુ કારણ જણાવે છે કે, આ કામના પ્રતિવાદીએ વાદીની લેણી રકમ પેટે આપેલ એક પરત ફરતા અને તે લેણા નીકળતા નાણાં બાબતે વાદીએ સદરહુ રૂા.૭૫,૦૦૦/– (અંકે રૂપીયા પંચ્યોતેર હજાર પુરા) ની રકમની માંગણી કરતા પ્રતિવાદીઓએ થાય તે કરી લેવાની ધમકીઓ આપી ત્યારથી નામ. કોર્ટની હકુમતમાં દાવો દાખલ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે તેમ જણાવી પેરા–૬ માં દાદ માંગેલ છે કે (અ) આ કામનાં પ્રતિવાદી વાદીને આપેલ લેણી રકમ બાબતના ચેકોની લેણી રકમ રૂા.૭૫,૦૦૦/– (અંકે રૂપીયા પંચ્યોતેર હજાર પુરા) આ કામના પ્રતિવાદી વસુલ થતા સુધી ૧૨% લેખે વ્યાજ સહીત ચુકવી આપે તેવુ હુકમ તથા હુકમનામુ કરી આપવા મે. કરશોજી અને પ્રતિવાદી જાતે નાણાં ચુકવી ન આપે તો વાદી તેમના નાણાં પ્રતિવાદીની જાત અથવા હરકોઇ મીલકતમાંથી વસુલ કરી શકે તેવુ હુકમનામુ વાદીના લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ ફરમાવશોજી. (બ) આ દાવા અરજીનુ સ્વરૂપ જોતાં નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાવે તેવી હરકોઇ દાદ અપાવવા મે. કરશોજી. (ક) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદ પાસેથી અપાવશોજી.

(૨) સદર વાદી તરફે સમરી સ્યુટ દાવ તરીકે દાખલ કરવામાં આવેલ જે અમારા પુરોગામી ન્યાયધીશ સાહેબશ્રી દ્વારા સમરી સ્યુટ નં.૦૩/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યાર સદર દાવાની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન અમારા પુરાગામી ન્યાયધીશશ્રી દ્વારા આંક–૧૫ નીચે હુકમ કરી સદર દાવાને સમરી સ્યુટમાંથી આર.સી.એસ. મની (રેગ્યુલર દીવાની મુકદમા)માં કન્વર્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ જે મુજબ સદર દાવો રે.દી.મુ.નં.૬૩/૨૦૨૨ થી નોંધાયેલો હોય.

ત્યાર બાદ પ્રતિવાદીને ધારાસર સમન્સ કરતાં, તે સમન્સ નો શેરો ધ્યાને લેતા પ્રતિવાદીનો સંપર્ક કરતા પ્રતિવાદીએ જણાવેલ કે મારો કેસ પતી ગયો છે જેથી મારે કોઇ નોટીસ લેવાની નથી તેવુ જણાવેલ. જેથી ઉપરોકત શેરો ધ્યાને લેતા પ્રતિવાદીએ નોટીસ/સમન્સ લેવાની ના પાડેલ હોય. જે સમન્સ સદર કામમાં આંક–૧૬ તથા આંક–૧૭ થી સામેલ હોય. જેથી તેને ડીમ્ડ સર્વીસ ગણી પ્રતિવાદી અત્રેની કોર્ટ રૂબરૂ હાજર નહી રહેવાના કારણે સદરહુ દાવો એકતરફી ચલાવવા માટે આંક–૧૮ ની અરજી લગત અત્રેની અદાલત દ્વારા હુકમ કરી અને સદરહુ દાવો એકતરફી ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું દાવાના ન્યાયિક નિર્ણય માટે અત્રેની કોર્ટે આંક–૧૯ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢેલ છે.

**–: મુ દ્દા ઓ :–**

1. **Whether the plaintiff proves that the defendant borrowed Rs.75,000/- from the plaintiff?**
2. **Whether the plaintiff proves that the defendant issued four cheques in favor of the palintiff for an amount of Rs.4,50,000/- towards the borrowed amount ?**
3. **Whether the plaintiff is entitled to get the relief as claimed ?**
4. **What order and decree?**

(૪) ઉપરોકત તમામ લેખીત મૌખિક રજુઆત ધ્યાને લઇને ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) હકારમાં,૬%,

(૪) આખરી હુકમ મુજબ

(૫) ઉપરોકત મુદ્દાઓ સાબિત કરવા માટે વાદી દ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરેલછે.

**મૌખિક પુરાવો:–**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી અશોકભાઇ બચુભાઇ વાઘેલાનાઓનુ સરતપાસનુ સોગંદનામુ | ૨૦ |

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ચેક નં. ૪૫૪૬૫૪ રૂા.૭૫,૦૦૦/– | ૨૬ |
| ૨ | રીટર્ન મેમો | ૨૭ |
| ૩ | રીટર્ન મેમો | ૨૮ |

આ કામે વાદ તરફે આંક–૨૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૬) ત્યાર બાદ આગળ ચર્ચા કરી તે પ્રમાણે પ્રતિવાદી તરફે આ દાવામાં કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૭) ત્યારબાદ વાદી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામા આવી, જેમાં તેઓએ તેઓની દાવા અરજીની હકીકતને સમર્થિત દલીલો કરી, મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના પ્રતિવાદીએ, વાદી પાસેથી દાવા અરજીની

હકીકતે નાણાં ઉછીના લીધેલ છે અને તેની ચુકવણી પેટે ચેક આપેલ જે ચેક બેંકમાં જમા કરતા પરત ફરેલ છે. એટલું જ નહી તેમજ આ હકીકત વાદી ધ્વારા રજુ આંક–૨૬ થી આંક–૨૮ ના દસ્તાવેજો પરથી સ્પષ્ટ પુરવાર થાય છે. જેથી વાદી પોતાનો ઘવો પુરવાર કરવામા સફળ રહેલ હોય માંગ્યા મુજબની દાદ ફરમાવવા અરજ કરેલ છે.

**<u>–::કારણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૪ ::–</u>**

(૮) સદર કામે મુદ્દા નં. ૧ થી ૪ ની હકીકત એકબીજાને સુસંગત હોય, ચર્ચાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી મુદ્દા નં.૧ થી ૪ ની ચર્ચા અત્રે એકી સાથે કરવામા આવેલ છે.

(૮.૧) સદરહુ કામમા વાદી ધ્વારા પોતાની દાવા અરજી મુજબની હકીકતો અને મુદ્દા નં. ૧ થી મુદ્દા નં.૩ સાબીત કરવા માટે આંક–૨૦ થી વાદી અશોકભાઇ બચુભાઇ વાઘેલાનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને સદરહુ સરતપાસના સોગંદનામામા વાદી કવારા મહદ અંશે પોતાની દાવા અરજી મુજબની હકીકતોનું પુનરાવર્તન કરેલ હોવાની તેની ફરીથી ચર્ચા કરેલ નથી અને સદરહુ કામમાં પ્રતિવાદી તરકે કોઈ હાજર ન હોવાથી વાદીની તેઓ તરકે કોઈ ઉલટતપાસ પણ કરવામાં આવેલ નથી.

(૮.૨) સદર કામે વાદી હકીકત પુરવાર કરવાની છે કે, તેઓએ પ્રતિવાદીને હાથઉછીના આપેલ નાણાં પેટેના રૂા.૭૫,૦૦૦/–, ૧૨% વ્યાજ સહીત દાવા તારીખ થી વસુલ થતા સુધી મેળવવા માટે હકકદાર છે ? સદર હકીકત પુરવાર કરવા માટે વાદી બેન્ક ધ્વારા આંક–૨૬ થી આંક–૨૮ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. સદર દસ્તાવેજ જોવામા આવે તો, આંક –૨૬ થી પ્રતિવાદી દ્વારા પોતાની સહી કરીને આપવામાં આવેલ ચેક છે. તેમાં પ્રતિવાદીની સહી આવેલ

છે. પ્રતિવાદીના તરફે આ દસ્તાવેજી પુરાવાને ચેલેન્જ કરવામાં આવેલ નથી . આ આધારે પ્રતિવાદીએ વાદી પાસે નાણાં હાથઉછીના લીધેલ હોય અને તે નાણાંની ચુકવણી પેટે સદર ચેક આપેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. ત્યાર બાદ વાદી તરફે આંક –૨૭ તથા આંક–૨૮ થી રીટર્ન મેમા રજુ કરેલ છે જે ધ્યાને લેતા વાદીએ સદર ચેક બેંકમાં ભરતા સદર ચેક ફંડ ઇનશફીશીયન્ટ હોવાથી પરત આવેલાનુ જણાઇ આવે છે. જેમાં આંક–૨૮ વાળો રીટર્ન મેમો જોતા જેમાં તા.૦૮/૦૬/૨૦૧૬ ના રોજ ચેક ''ફંડ ઇનશફીશીયન્ટ'' ના શેરાથી પરત આવેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. ત્યાર બાદ આ દાવો તારીખ–૨૨/૦૭/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ છે, આ તમામ હકીકત ધ્યાને લેતા વાદીએ  પોતાનો દાવો નિયત સમયમર્યાદામાં દાખલ કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. આમ, ઉપરોક્ત વાદી તરફે રજુ દસ્તાવેજો જોતા, આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ નાણા હાથઉછીના મેળવેલ છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ પ્રતિવાદીએ હાજર રહી એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે તેઓએ વાદી પાસેથી દાવા અરજીમાં જણાવ્યા મુજબના કોઇ નાણા હાથઉછીના લીધેલ નહી કે તેઓએ લીધેલ રકમની ચુકવણી કરી દીધેલ છે. જેથી આ સંજોગોમાં વાદી રકમ રુ.૭૫,૦૦૦/–પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર બને છે. વધુમાં વાદીએ ૧૨% વ્યાજ સાથે વસુલ લેવાની દાદ માંગેલ છે. પરંતુ તેઓએ તેમના દાવા કે તેઓએ રજુ કરેલ દસ્તાવેજોમાં એવી કોઇ હકીકત સાબીત કરેલ નથી કે તેઓ વચ્ચે ૧૨% વ્યાજ આપવાનો કરાર હોય કે વાત થયેલી હોય. તેના અનુસંધાને સિવીલ પ્રોસીજર કોડની કલમ–૩૪ મુજબ સિવીલ કોર્ટને અધીકાર છે કે તે અદાલત સમક્ષ નીરધારીત મુખ્ય રકમ પર દાવા દાખલ થયેલ તારીખથી ડીક્રી પસાર થાય ત્યાં સુધી જે વ્યાજ દર યોગ્ય જણાય તે રીતે વ્યાજ નકકી કરી શકે છે તથા સ્થાપિત કાનુની સિધ્ધાંત મુજબ દાવા ચાલતા દરમ્યાન સુધીનું વ્યાજ પણ આપવુ જરૂરી જણાય છે. જેથી વાદીને વ્યાજ આપવુ પડે તે યોગ્ય જણાય આવે છે. પરંતુ તે વ્યાજ કેટલુ હોવુ જોઈએ તેની ચર્ચા આવશ્યક બને છે.

દાવા હકીકત જોતાં વાદીએ પ્રતિવાદીને હાથઉછીના નાણા આપેલ છે. જેથી જો વાદીને ચેકની રકમ પર વાર્ષીક ૬% લેખે વ્યાજ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાય સંગત અને યોગ્ય જણાઈ આવે છે. જેથી પ્રતિવાદીએ દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી ૬% વ્યાજ ચુકવી આપે તેવુ ન્યાયોચિત જણાઈ આવે છે.

વધુમાં આ કામે વાદી દ્વારા જે રૂા.૪,૫૦,૦૦૦/- હાથઉછીના આપેલ હોવા અંગેની વાત કરેલ છે અને તે હાથ ઉછીની રકમ પેટે પ્રતિવાદીએ અન્ય ત્રણ ચેકો એક ચેક નં.૪૫૪૬૫૦ નો રૂા.૨,૦૦,૦૦૦/- તા.૨૨/૧/૨૦૧૬, . અને બીજો ચેક નં. ૪૫૪૬૫૨ નો તા.૨૩/૨/૨૦૧૬ નો રૂા.૧,૦૦,૦૦૦/-, અને ત્રીજો ચેક નં. ૪૫૪૬૫૩ નો તા.૧૪/૩/૨૦૧૬ નો રૂા.૭૫,૦૦૦/- આપેલ હોવાનુ જણાવેલ છે તે હકીકત બાબતે વાદીએ અત્રેની અદાલત સમક્ષ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી. જેથી સદર ત્રણ ચેકો પ્રતિવાદીએ વાદીને આપેલ છે કે કેમ તે સાબિત થતુ નથી. તેમજ આ કામે દાવો સમય મર્યાદામાં હોય જેથી દાવાને અન્ય કોઇ બાધ નડતો ન હોય. તેમજ વાદીને દાવાનો ખર્ચ આપવામાં ન આવે તો તેનો બોજો વાદી પર પડે તેથી વાદીને ખર્ચ અપાવવો પણ નયાયોચીત જણાય આવે છે. જેથી વિશેષ ચર્ચા ન કરતા, **મુદ્દા નં.૧** નો જવાબ "**હકારમાં''**, **મુદ્દા નં. ૨** નો જવાબ **''નકારમાં''**, **મુદ્દા નં. ૩** નો જવાબ **''હકારમાં, ૬%''**ઠરાવુ છુ.

**<u>મુદ્દા નં.૪ :</u>**

(૮.૩) આમ, ઉપરોકત રીતે વાદી તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા વાદીના વિ.વ.શ્રીની રજુઆત તથા ઉપરોકત રીતે મુદ્દાઓની કરેલ ચર્ચા મુજબ હાલના વાદી, પ્રતિવાદીનાઓ પાસેથી ચેકની રકમ રૂા.૭૫,૦૦૦/-(અંકે રૂપીયા પચ્ચોતેર હજાર પુરા) ઉપર વાર્ષિક તારીખ- ૨૨/૦૭/૨૦૧૭ થી ૬% વ્યાજ મેળવવા હકકદાર રહેતા હોવાનુ ઠરાવેલ છે જેથી **મુદ્દા નં.૧** નો જવાબ "**હકારમાં''**, **મુદ્દા નં. ૨** નો જવાબ **''નકારમાં''**,

**મુદ્દા નં. ૩** નો જવાબ **''હકારમાં, ૬%''** આપી, **મુદ્દા નં.૪** પરત્વે ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**–// હુકમ //–**

૧. વાદીનો હાલનો દાવો અંશત: મંજુર કરવામા આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ વાદીને ચેકની રકમ રૂા.૭૫,૦૦૦/– (અંકે રૂપીયા પંચ્યોતેર હજાર પુરા) તા. ૨૨ /૦૭/૨૦૧૭ થી હુકમનામાની તારીખ સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે ચડયે ચડયા ચુકવી આપવા.

૩. પ્રતિવાદી ધ્વારા કસુર થયેથી વાદી બાકીની રકમ પ્રતિવાદીઓની જાત તેમજ મીલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

૪. ત્યારબાદ સદરહુ હુકમ થયા સુધીમા જો પ્રતિવાદીએ કોઈ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

૫. વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

૬. હુકમ મુજબ આખરી હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૨૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :૨૩–૦૩–૨૦૨૬ (કિશનકુમાર આર. મૌર્ય)

સ્થળ : મહુધા પ્રિન્સીપાલ સીવીલ જજ,મહુધા.

(CODE No. GJ 01723)